## ગાંધીનગર મને ગમે છે...



ગાંધીનગર શબ્દ આંભળતાની સાથે જ હર્ષ, આનંદની અને ગૌરવની લાગણી થાય છે. હું જ્યારે ૧૯૯૭માં લગ્ન કરીને ગાંધીનગર આવી ત્યારે મને આ ગાંધીનગર વેરાન લાગતું હતું. જેમ જેમ તેની સમીપ અવતી ગઈ ત્યારે તેની આજે આ મારું ગાંધીનગર ઊદ્યાનોની નગરી, ગ્રીનસીટી તરીકે પ્રસિદ્ધ છે. હું એક ગાંધીનગર વાસી છું તેનો મને ગર્વ છે. ગાંધીનગર એટલે સતત ધળકતું હ્રદય. અવિરતપણે ચાલતી સેવાકીય પ્રવૃત્તિ, સાહિત્ય પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃતિ, ઔધોગિક તેમજ ધાર્મિક પ્રવૃતિઓથી ધબકતું તાજગીઅભર ગાંધીનગર આજે પોતાની એક ઓળખ ઉભી કરી છે. છુટાછવાયા બંગલાઓ, બધા સરકારી કર્મચારીઓ પોતાની નોકરીમાં વ્યસ્ત હોય કોઈ પૃવૃત્તિ વગર સમય ના જાય એ વિચારથી ૧૯૯૮માં પોતાના નૃત્યના કલાસ ચાલુ કર્યા. આ જ ગાંધીનગરે એક નવી ઓળખ આપીને મને ગર્વ આપાવ્યુ છે. સારા મિત્રો અપ્યા છે. એક કુટુંબ જેટલો જ પ્રેમ મને મળ્યો છે. કુદરતના સાનિધ્યમાં કુદરતની નજીક રહેવાનું સૌભાગ્ય મળ્યું છે. અહીં નવરાત્રિ, જન્માષ્ટમી, શિવરાત્રી, ગણેશ મહોત્સવ, રમઝાન, ઈદ, નાતાલ, તમામ ધર્મના તહેવારોની ઊજવણી શાંતિ, આનંદ અને ઉત્સાહથી કરવામાં આવે છે. તેમજ ગીફ્ટ સીટી, ઈન્દ્રોડા પાર્ક, દાંડી કુટરી, અક્ષરધામ મંદિર, સ્વર્ણિમ પાર્કથી ગાંધીનગરને ચાર ચાંદ લાગી ગયા છે. મારા માટે તો ગાંધીનગર એટલે ભારતમાતાએ પોતાની કેડમાં બેસાડેલું બાળક. પંચદેવ મંદિરનો શિવરાત્રિનો મેળો, રૂપાલનો પલ્લીનો મેળો, સંસ્કૃતિ કુંજનો વસંતોત્સવ અને કલ્ચરલ ફોરમ તેમજ લાયન્સ કલબના ગરબા એટલે નવ દિવસના જગદંબાની આરાધનાનો અનેરો ઉત્સવ... પરેખર મને તો બધા તહેવારોની ઉજવણી ગાંધીનગર સિવાય કયાંય ઉજવવામાં ન ગમે. બસ મારુ ગાંધીનગર આ રીતે હસતું-રમતું, કિલ્લોલ કરતું રહે તેવી દિલથી અભ્યર્થના...

-પ્રજ્ઞા ગજ્જર
(પૂજન ડાન્સ એકેડેમી)

# સ્વામિનારાયણ મંદિર, સે-૨૩માં ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા. ૨૭
શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨૩ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શુભેચ્છા-આશીર્વાદ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનો ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી શકે તેવા શુભાશીર્વાદ સાથે શર્કરા અને પેન પૂ.ગુરુજીના હસ્તે આપી પ્રેરણાબળ પુરૂ પડાયું હતું.

# સાંસ્કૃતિક વિકાસ મંચ દ્વારા ઈડર ખાતે યાદે સમ્રાટ કાર્યક્રમ યોજાયો









ગાંધીનગર, તા. ૨૭
ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી સાંસ્કૃતિક વિકાસમંચ ઈડર અને નગરપાલિકા ઈડરના સંયુક્ત ઉપક્રમે પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને લંકેશ અરવિંદ ત્રિવેદીની યાદીમાં "યાદે અભિનય સમ્રાટ" નામનો સ્મરણાંજલી કાર્યક્રમ તાજેતરમાં ઈડર ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે ઉદ્‌ઘાટક તરીકે ભરત આર્ય, સાબરકાંઠા પ્રભારી બીજેપી તેમજ અમદાવાદ બીજેપી પ્રભારી પી.સી. પટેલ, વિજય પંડ્યા-જિલ્લા મહામંત્રી બીજેપી, નગરપાલિકા પ્રમુખ જયસિંહ તંવર, અજય બારોટ, ઉત્તરઝોન સાંસ્કૃતિક સેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ફિલ્મના ગીતો ભીખુદાન ગઢવી ગૃપ તથા અભિનય સાથે સંગીત રૂપક વડે સાબરકાંઠાના કલાકારો દ્વારા રજુ કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમનું સંકલન અને દિગ્દર્શન જાણીતા ગૌરવ પુરસ્કૃત ભરત વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા નગરપાલિકા ઈડરના દિપક પટેલ, ચીફ ઓફિસર, સાંસ્કૃતિક સેલના વિષ્ણુ વૈદ, અનિલ પંચાલે ખુબ જહેમત ઉઠાવી હતી.

# સરકારી વકીલની સુઝબુઝથી અધિકારીનું એક્ટિવા ચોરાતાં બચ્યું

ગાંધીનગર, તા. ૨૭
સંસ્કૃતિકુંજમાં યોજાયેલા વસંતોત્સવનો માણવા પહોંચેલા એક સરકારી અધિકારી એક્ટીવામાં ચાવી ભુલી ગયા હતા અને એક્ટિવા ચોરાઈ જવાની પૂરેપૂરી સંભાવના હતી ત્યારે નજીકમાં જ પોતાની ગાડી પાર્ક કરનાર સરકારી વકીલે એક્ટિવાને સંસ્કૃતિકુંજ પાસેના એન્ટ્રીગેટ પર મુકાવ્યુ હતુ. એટલુ જ નહી અહીં બંદોબસ્તમાં રહેલ પોલીસ કોન્સ્ટેબલની મદદથી અત્યંત સૂઝબૂઝ દાખવી વાહનમાલિકનો સંપર્ક કર્યો હતો અને વાહનમાલિકનો વાહન સોંપી તેમનો ચિંતામુક્ત કર્યા હતા.

સે. ૧૯માં રહેતા સરકારી અધિકારી હરેશભાઈ ગઢવી તેમના ઘરે આવેલ મિત્રો સાથે ધૂળેટીના દિવસે સંસ્કૃતિકુંજમાં આયોજિત વસંતોત્સવ જોવા પોતાની પત્ની સાથે એક્ટીવા લઈને ગયા હતા.

બધા મિત્રોએ પોતાના ટુ વ્હીલર સરિતાઉદ્યાન સામેના સેન્ટ ઝેવિયર્સ ચ-૩ જવાના માર્ગ પર પાર્ક કર્યુ હતુ.

હરેશભાઈ એક્ટિવાની ડેકી ખોલી તેમાં પોતાનું હેલ્મેટ મુકી ચાવી ડેકીના લોકમાં જ ભુલી ગયા હતા. આશરે ત્રણેક કલાક બાદ તેઓ પાછા આવ્યા ત્યારે ત્યાં તેમનું એક્ટિવા ન હતુ.

હરેશભાઈ અને તેમના પત્નિને ફાળ પડી કે નક્કી આપણું વાહન કોઈ ચોરી ગયું છે. કારણ કે ચાવી ડેકીના લોકમાં જ હતી.

તેઓએ આજુબાજુ તપાસ કરી પણ કંઈ ભાળ ન મળી એટલે તેઓ તરત જ સે. ૨૧ના પોલીસ સ્ટેશન ચોરીની ફરિયાદ લખાવવા ગયા. પણ સે. ૨૧ પોલીસ સ્ટેશનથી તેમને એમ જણાવવામાં આવ્યું કે તે વિસ્તાર સે. ૭ના પોલીસ સ્ટેશનની હદમાં આવે છે.

તેઓ સે. ૭ના પોલીસ સ્ટેશન પહોંચ્યા. ત્યાં જે કોન્સ્ટેબલ હતા તેમણે પુરી વાત સાંભળી અને હરેશભાઈને કહ્યું કે તમે પહેલા ટોઈંગ થયેલ વાહન જયાં રાખે છે, એટલે કે સરિતા ઉદ્યાનની બાજુમાં બળિયાદેવ મંદિરના ગ્રાઉન્ડ ખાતે તપાસ કરી લો, કદાચ ટોઈંગવાળા લઈ ગયા હોય, પછી નહીં મળે તો એફઆઈઆર લખાવી દેજો.

હરેશભાઈને તેમની સલાહ સાચી લાગી. આથી તેઓ બળિયાદેવ મંદિરના ગ્રાઉન્ડ પર પહોંચ્યા, જ્યાં ટોઈંગવેનના ડ્રાઈવર મળ્યા, તેઓ જ્યાં વાહન મુકે છે ત્યાં લઈ ગયા પણ હરેશભાઈનું એક્ટિવા ત્યાં ન હતું.

એટલે હરેશભાઈ અને તેમના પત્નિની ચિંતા ઓર વધી ગઈ. હવે તો નક્કી આપણું વાહન ચોરી થઈ ગયુ લાગે છે.

છતાં હરેશભાઈએ પત્નિને કહ્યું કે હું હજું સરિતાઉદ્યાનના પાર્કિંગ અને તેની આજુબાજુ તપાસ કરી લઉં. સરિતાઉદ્યાની આસપાસ તેઓ પોતાની પત્નિ પાસે પાછા ફર્યા ત્યાં જ તેમના મોબાઈલ પર વીમા એજન્ટનો ફોન આવ્યો. તેમણે કહ્યું તમારૂ વાહન કોઈ ચોરી નથી ગયુ પણ કોઈ ભલા માણસે તે લઈ વસંતોત્સવ એન્ટ્રન્સ ગેટની બાજુના પાર્કિંગમાં મુકી દીધુ છે અને વસંતોત્સવની જગ્યામાં તેઓ એનાઉન્સમેન્ટ પણ વારંવાર કરાવે છે. હું તમને તેમનો નંબર મોકલાવુ છું. ત્યાં તો જે ભાઈએ એક્ટિવા લઈને પાર્કિંગમાં મુક્યુ હતુ તેમનો સામેથી ફોન આવ્યો કે તમે વસંતોત્સવના એન્ટ્રી ગેટ સામે આવો હું તમારૂ વાહન લઈને ત્યાં આવું છુ.

સરકારી વકીલ રાજેન્દ્રભાઈ ગોસ્વામીએ જ્યારે ફેમીલી સાથે વસંતોત્સવ જોવા આવ્યા ત્યારે સ્કૂટરની પાછળ ગાડી પાર્ક કરી અને ગાડીમાંથી ઉતર્યા ત્યાં તેમની નજર એક્ટિવાની ડેકીમાં લાગેલી ચાવી પર પડી. તેમને થયું કે કોઈ ચાવી ભુલી ગયું છે, હવે જો આ ચાવી આમ જ રહેશે તો શક્યતા છે કે કોઈ ચોરી જશે. આથી તેમણે પોતાની ફેમીલીને ચાલતા ચાલતા સ્થળે પહોંચવા જણાવી પોતે એક્ટિવા ચલાવી પાર્કિંગમાં લઈ ગયા. એક પોલીસ કોન્સ્ટેબલને કહ્યું કે કદાચ કોઈ પોતાના વાહનની તપાસ કરતા આવે તો આ ચાવી મારી પાસે છે, મને ફોન કરજો એટલે હું આવી જઈશ.

હરેશભાઈ આશરે ચારેક કલાક પછી જ્યારે પોતાનું એક્ટિવા શોધતા હતા તે દરમિયાન કોન્સ્ટેબલ જનકજી ઠાકોરે કહ્યું સરકારી વકીલ રાજેન્દ્રભાઈ ગોસ્વામી પર ગયો, અને કહ્યું કે હજુ સુધી કોઈ લેવા નથી આવ્યું તો આપણે પોલીસ સ્ટેશનમાં વાહન જમા કરાવી દઈએ.

ત્યારે સજ્જન વકીલ સાહેબે કહ્યું કે ના, ઉભા રહો, હું ત્યાં આવુ છુ એટલે તે સજ્જન માણસ સંસ્કૃતિકુંજ પ્રોગ્રામની મજા માણવાનું છોડી બહાર પાર્કિંગમાં આવી એક્ટિવાની ડેકી ખોલી તેમને વિચાર આવ્યો કે કદાચ અંદર કોઈ કાગળો હોય અને તેમાંથી વાહનના માલીકનો કોન્ટેક્ટ થઈ જાય અને તેમનો શુધ્ધ ભાવનાથી કરેલ વિચાર ખરેખર સફળ નીવડ્યો અને ડેકીમાંથી ઈન્સ્યોરન્સ કાગળ મળ્યા અને તેમાંથી એક્ટિવાનો નંબર શોધી હરેશભાઈનો નંબર મેળવી તેમને ફોન કરી એક્ટિવાની જાણ કરી.


ખરેખર હરેશભાઈનો ખૂબ મોટા નુકસાનમાંથી આ સજ્જન વકીલ સાહેબ રાજેન્દ્ર ગોસ્વામીએ બચાવી લીધા અને માનવતા અને સજ્જનતાનું મોટુ ઉદાહરણ આપ્યુ.

# ખેલત વસંત આનંદ કંદ : વસંતોત્સવ શહેરની સાંસ્કૃતિક ઓળખ









હો બાજે ઢોલક, ડફ બાંસુરિયાં
વસંતરો રત ગાવૈ, રી
હો કોઈ કિસી કી સુન નહીં પાવૈ, નચાવે રી
-રાજેન્દ્ર શાહ

શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન કહે છે કે **ઋતૂનાં કુસુમાકરઃ ।** વસંત એટલે ઋતુરાજ. વસંત એટલે પ્રકૃતિનો ઉત્સવ. વસંત એટલે તરુવરોનો શણગાર. વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું, આમ્રકુંજોની મહોરની માદક સુવાસથી મહેકી ઊઠેલું-ઉલ્લાસ અને પ્રસન્નતાથી છલકાતું નિસર્ગનું વાતાવરણ. આપણા કવિઓએ પણ વસંતને શબ્દોથી વિભૂષિત કરી વધાવી છે.

નરસિંહનું પ્રભાતિયું એ ગુજરાતી કવિતાની શાશ્વત વસંત છે. નરસિંહ મહેતા લખે છેઃ

આ ઋતુ રૂડી રે મારા વ્હાલા, રૂડો માસ વસંત
રૂડા તે વનમાં કેસુ ફૂલ્યાં, રૂડો રાધાજીનો કંથ.

નરસિંહની આ જ પ્રેમલક્ષણા શૈલીમાં નીનુ મજુમદાર વસંતને ઋતુ મતવાલી કહે છે. તેઓ લખે છે કે;

કીર્તન કરી ઉઠી હરિયાલી,
આવી આજે પૂજન કાજે ઋતુ વસંત મતવાલી.

જ્ઞાનપીઠ સર્જક કવિ રાજેન્દ્ર શાહને શીમળના વૃક્ષમાં કોઈ દરિદ્રતા નથી દેખાતી પરંતુ તેમાં તપસ્વીની રિક્તતા દેખાય છે. ફૂલ-પાન વિનાનું વૃક્ષ એ ફિકર વિનાના ફકીર જેવું લાગે છે. તેથી જ કવિ શિશિરની સાપણ આવી તેમ કહે છે. વસંત માટે છેલછબીલો ફાગણ આવ્યો તેમ કહે છે. તો કવિ ન્હાનાલાલ ચૈતન્યની વસંતની વાત કરે છે અને કવિતાને આધ્યાત્મિક ભૂમિકાએ લઈ જાય છે.

આ વસંત ખીલે શતપાંખડી હરિ આવોને
વેર્યા તારલિયાનાં ફૂલ હવે તો હરિ આવોને.
પ્રભુ પાથરણાં દઈશ પ્રેમનાં હરિ આવોને
દિલ વારી કરીશ સહુ ડૂલ, હવે તો હરિ આવોને.

વસંત આવે છે ત્યારે શું થાય છે? તે જણાવતા કવિ મનોજ ખંડેરિયા લખે છે કે;

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતનાં,
ફૂલો એ બીજું કંઈ નથી પગલા વસંતનાં.
ત્યારે ટાગોર વસંતને વધાવતાં લખે છે,
આજિ વસંત જાગ્રત દ્વારે
આજિ ખૂલિયો હદયદલ ખૂલિયો રે
આજિ ભૂલીયો આપન-પર ભૂલીયો રે.

હદયદલને ખોલીને, આપણા -પારકા ભૂલીને વસંત રંગ સંગ ઉત્સવનો માહોલ લઈને આવે છે. કવિ મકરંદ વસંતના ઓવારણા લેતા હોય તેમ લખે છે 'ખેલત વસંત આનંદ કંદહ્ન.

આજે સમય બદલાયો છે. નગરજીવનની ભીડમાં ને દોડમાં વસંત ક્યારે આવીને જતી રહે છે તે ખબર પણ નથી પડતી. વસંતમાં ખીલેલા ફૂલોને નીરખવાનો સમય આપણી પાસે છે ખરો? તેથી જ નગરમાં આવ્યા પછી ઉમાશંકરે લખ્યું હશે કે "પુષ્પો સાથે વાત કરવાનો સમય રહ્યો નહીં". સુન્દરમ પણ કહે છે કે વસંત આજે વસંત ક્યાં છે? ઈંગ્લીશ (હિંગ્લીશ) મીડીયમમાં ભણતી નવી પેઢીને વસંત વિશે લગભગ કશી ખબર નથી. આ પેઢીને વસંત અનુભવાય છે ખરી, પણ તેની અનુભૂતિ નથી થતી. અનુભવ માટે જીવતા હોવું આવશ્યક છે, જયારે અનુભૂતિ માટે જીવંત હોવું જરૂરી છે. તેથી જ કવિ સુરેશ દલાલ કહે છે;

રેડીઓ ઉપર ફાગણનાં ગીતો વાગ્યા,
ને શહેરના મકાનોને ખબર પડી
કે આજે વસંતપંચમી છે.
ફલાવરવાઝમાં ગોઠવાયેલા ફૂલો કને જઈને પૂછ્યું
તમને ખબર છે? આજે વસંતપંચમી છે.

સમયની દોડમાં અને અનેકવિધ હોડમાં માણસ પ્રકૃતિને ભૂલી જાય તેમ પણ બને. એટલે જ આપણે ત્યાં ઉત્સવોનું મહાત્મ્ય છે. ધૂળેટી એ વસંતમાં આવતો તહેવાર છે. રોજીંદા જીવનનાં રંગોથી જુદા રંગો પહેરીને ફરવાનો આ તહેવાર છે. વસંતને ઉજવવા યોજાતા અર્વાચીન ઉત્સવો પણ સમાજજીવનને ધબકતું રાખે છે. હમણાં જ ગુજરાત સરકારનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ઉજવાયેલ 'વસંતોત્સવ' તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. છેલ્લા અનેક વર્ષોથી આ વસંતોત્સવમાં જવાનું બને છે, પરંતુ આ વખતના વસંતોત્સવે કઈ નોખા રંગો વેર્યા હોય તેમ સૌને અનુભૂતિ થતી હતી. ગાંધીનગર સમાચારના તંત્રી આદરણિય કૃષ્ણકાન્ત જહા એમ કહેતા આવ્યા છે કે ગાંધીનગરને સરકારી નગરની સાથે સાંસ્કૃતિક નગર બનાવવું છે. તે માટે શ્રી જહા સાહેબે કરેલ પ્રયાસો ઉપરાંત આ 'વસંતોત્સવ' થી નગરની ઓળખમાં એક છોગું નવું ઉમેરાયું છે. એક નૂતન પ્રયોગ તરીકે આ ઉત્સવમાં દસ દિવસ સુધી લોકનૃત્યોની પ્રસ્તુતિ સાથે ગુજરાતના લોકસાહિત્ય અને સંગીતના કલાકારો દ્વારા ઉત્તમોત્તમ પ્રસ્તુતિ થઈ. હૈયે હૈયું દળાય તેવા ભરચક માહોલમાં જે રીતે યુવાનો લોકસાહિત્યને દાદ આપી રહ્યા હતા તે રીતે લાગ્યું કે ગુજરાતની આવતીકાલની બહુ ચિંતા કરવાની જરૂર નથી. આદિત્ય ગઢવી અને પાર્થિવ ગોહિલ જેવા યુવા કલાકારો દ્વારા લોકસંગીતને નૂતન સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું તે સમયની માંગ છે. રાવણહથ્થો પણ 'રોક' થઈ શકે છે, તે અનુભૂતિ ત્યાં આવેલા સૌને થતી હતી. ગુજરાત સરકાર દ્વારા પ્રતિવર્ષ યોજાતો આ લોકનૃત્ય મહોત્સવ આયોજનની રીતે પણ દાદ માંગી લે તેમ હતો. એથેન્સના થીએટરની માફક ઝસ્થી લઈ કોમનમેન સુધીના પ્રત્યેક વ્યક્તિએ રોમે-રોમથી હાજર રહી, આ ઉત્સવને માણ્યો હતો. આમ, આ ઉત્સવ સાચા અર્થમાં લોક-ઉત્સવ બની ગાંધીનગરની સાંસ્કૃતિક ઓળખ બન્યો છે. સામાન્ય રીતે આપણા લોકઉત્સવોમાં આવનાર શહેરી બાળકો માટે વિશેષ આકર્ષણ હોતું નથી. આ ઉત્સવમાં એ વિશેષ કાળજી લેવાઈ હતી કે અહીં આવતા પ્રત્યેક વ્યક્તિને તેની વય અને તેના રસ-રુચિ મુજબની કોઈ ને કોઈ પ્રવૃત્તિ મળી રહે. સરકારના યુવા અને સાંસ્કૃતિક વિભાગના યુવા અધિકારીઓએ સતત ખડેપગે રહી, પુરતી સંવેદનશીલતા-સૌંદર્યદષ્ટિ સાથે આ ઉત્સવને આગવું સૌંદર્ય બક્ષ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને માર્ગદર્શન માટે વિભાગના અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમાર અને ઉત્તમ આયોજક કમિશનરશ્રી પી. આર. જોશીને જેટલા અભિનંદન પાઠવીએ તેટલા ઓછા છે. શ્રી પી. આર. જોશીની આપણી ભાતીગળ લોકસંસ્કૃતિનો પ્રસાર કરવાની નિસ્બત અને સમર્પણની સુગંધ આ ઉત્સવમાં આવેલ પ્રત્યેકે અનુભવી હશે. આ ઉત્સવથી ગાંધીનગર હવે વધુ આશાસ્પદ બન્યું છે. આવા જ લોકઉત્સવો થકી પ્રજાજીવનમાં પ્રાણ અને નૂતનતા આવે છે.

વસંત રંગ પહેરીને ફરવાની ઋતુ છે. રંગમાં રહેવાની ઋતુ છે. રંગમાં રહેવા માટે મેઘધનુષ આપણી વ્હારે આવે છે પરંતુ તેમાં શરત માત્ર એટલી છે કે આપણી ભીતર આકાશ ઉગેલું હોવું જોઈએ. જો આ આકાશ ઉગે તો જીવનમાં ક્ષણે-ક્ષણે મેઘધનુષ રચાઈ શકે છે. રુદ્રાક્ષનો રંગ વસંતના વ્હાલમાં જેમણે વ્હેતો કર્યો છે તે ઋષિ કવિ રાજેન્દ્ર શુક્લ કહે છે;

અહો શ્વાસ મધ્યે વસંતે મહોરી
ઉડે રંગ ઉડે ન ક્ષણ એક કોરી.

એક અંગ્રેજી વાર્તામાં એક માણસ પોતાના બગીચામાં કોઈને પ્રવેશ કરવા દેતો નથી. તેથી વસંત પણ ત્યાં આવતી નથી. આપણા જીવનઉદ્યાનમાં પણ, કોઈ પ્રેમપૂર્વક પ્રવેશી શકતું ન હોય તો જીવનમાં ક્યારેય વસંત નહીં આવે તે નક્કી છે અને એમ કરીએ તો આપણે પણ 'Selfish Giant' જ કહેવાઈએ ને?

- અહેવાલ : ડો. જયેન્દ્રસિંહ જાદવ